જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૯૯૨/૧૯**

### મહેસાણા તથા સાબરકાંઠા જીલ્લામા એ.ટી.એમ.તોડી રોકડ રકમની તેમજ મોબાઇલની દુકાનનુ તાળુ તોડી ઘરફોડ ચોરી કરતા ઇસમોને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ખાસ પોલીસ કમિશ્નરશ્રી અજયકુમાર તોમર સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નરશ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા આવા ગુન્હાના આરોપીઓ શોધી કાયદેસર કાર્યવાહી કરવા આપેલ સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ એન્ટી ઓર્ગેનાઇઝ સ્કોર્ડ-૨ ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરીના ટીમના પો.સબ.ઇન્સ.આઇ.એ. ધાસુરાનાઓ તથા સ્કોર્ડના માણસો સાથે ઉપરોકત કાર્યવાહી સબંધે કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપીઓ, (૧) રાયચંદ @ રાહુલ સન/ઓફ વેચાત ભાઇ કટારા ઉ.વ.૨૩ રહે, મહેતાપુરા ખાડિયા વિસ્તાર હિંમતનગર મુળગામ : પાલકુંડોળ, પોસ્ટઃ જીજુંડી. તાઃ ભિલોડા, જીઃ અરવલ્લી. (૨) ગજેન્દ્ર @ કાળુ સન/ઓફ ભરતસિંહ બારડ ઉ.વ.૨૨ રહે, ગામ : ગલથરા તા : માણસા જી : ગાંધીનગરનાઓને ટી.વી.એસ.અપાચે મો.સા. નં.RJ.27.NS. 2756 કિં રુ ૨૦,૦૦૦/ તથા લોખંડના ખાતરીયા સાથે પકડી પાડવામા આવેલ છે.

જે પકડાયેલ આરોપીઓની પુછપરછમા તેઓ તથા નહિ પકડાયેલ આરોપીઓએ સાથે મળીને છેલ્લા પંદરેક દિવસ દરમ્યાનમા નીચે જણાવેલ જગ્યાએ એ.ટી.એમ.તોડી તેમજ મોબાઇલ ની દુકાનના તાળા તોડી ઘરફોડ ચોરીઓ કરેલ છે

(૧) આશરે પાંચ છ દિવસ પહેલા વિજાપુરથી મહેસાણા હાઇવે પર આવેલ એરોમા એવન્યુમાં આવેલ એકસિસ બેંકનુ એ.ટી.એમ.લોખંડના ખાતરીયાથી તોડી જેમાંથી રોકડ રુ ૧૫,૦૦૦/ ની ચોરી કરેલ

(૨) આશરે પંદરેક દિવસ પહેલા સાબરકાંઠા વિજયનગર ખાતે આવેલ ગામ ધોલવાણી ખાતે જ્યા રોડની બાજુમા આવેલ પ્રાથમીક શાળાની આગળ દેના બેંક નુ એટીએમ લોખંડના ખાતરીયાથી તોડી રોકડ રુ ૪૦,૦૦૦/ ની ચોરી કરેલ જે બાબતેવિજયનગર પો સ્ટે ફ.ગુ.ર.નં.૩૯/૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.

(૩) આશરે પંદરેક દિવસ પહેલા વિજાપુર ખાતે સરદારપુર ખાતે આવેલ સગુન સુપર મોલ મા ગાયત્રી ટેલીકોમ નામની મોબાઇલની દુકાનનુ તાળુ લોખંડના ખાતરીયાથી તોડી મોબાઇલની દુકાનમાંથી અલગ અલગ કંપનીના ચારેક મોબાઇલ ફોન તેમજ રોકડ રૂ ૪,૦૦૦/ ની ચોરી કરેલ

## <u>આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ</u>

પકડાયેલ આરોપી, (૧) રાયચંદ @ રાહુલ સન/ઓફ વેચાતભાઇ કટારાનાનો ભિડોલા પો સ્ટેમા ઇગ્લીંશદારુના ગુન્હામા તેમજ ભિડોલા પો સ્ટેમા અપહરણના ગુન્હામા પકડાયેલ છે તેમજ આરોપી, (૨) ગજેન્દ્ર @ કાળુ સન/ઓફ ભરતસિંહ બારડનાનો શામળાજી પો સ્ટેમા ઇગ્લીંશદારુના ગુન્હામા પકડાયેલ છે.

**<u>વાસણા પોલીસ સ્ટેશન :</u>**

## <u>વાસણા પો.સ્ટે.ના લુટના વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી વાસણા પોલીસ</u>

પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા .નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-7 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એમ" ડીવિજન સાહેબ તથા.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી સી.યુ.પરેવા સાહેબ નાઓની સુચનાથી વાસણા પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં-૧૧૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૯૪,૨૯૪(ખ),૧૧૪ મુજબના ગુનાના કામે લુંટ કરનાર વોન્ટેડ આરોપી કમરૂદીન શેખ નાને ઝડપી પાડવા વાસણા પો.સ્ટે સર્વેલન્સ પો.સબ.ઇન્સ એ.આર.સુર્યવંશી તથા સર્વેલન્સ સ્ટાફના માણસો તપાસમાં રોકાયેલ હતા દરમ્યાન <u>**પો.સ.ઇ.એ.આર.સુર્યવંશી તથા પો.કો. અમઝદખાન મહેબુબખાન**</u> નાઓને સંયુકત બાતમી મળેલ કે ઉપરોક્ત <u>**વોંટેડ આરોપી કમરૂદીન શેખ**</u> જેણે શરીરે લીલા કલરનો શર્ટ તથા કાળી પેન્ટ પહેરેલ છે તે ગુનામાં વાપરેલ ઓટો રીક્ષા નં- GJ-01-DY-6495 ની સાથે શાંતાબાગ સોસાયટી પાસે આવેલ મેટ્રો બ્રીજના નીચે ઉભો છે જે વિગેરે મતલબની બાતમી આધારે સદરી જગ્યાએથી વોન્ટેડ આરોપી કમરૂદીન ઉર્ફે બાવા સ/ઓ જમાલુદીન જાતે-શેખ ઉ.વ.૫૦ રહેવાસી, એચ-૨૫૬,૨૫૮, સંકલિતનગર જુહાપુરા અમદાવાદશહેરનાને ઉપરોક્ત ઓટો રીક્ષા સાથે પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.-તા-૨૪/૧૧/૨૦૧૯



<u>ઉપરોક્ત કામગીરી</u>

વાસણા પો.સ્ટે સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઇન્સ એ.આર.સુર્યવંશી તથા સાથેના સ્ટાફના હે.કો.લલિતભાઇ અમરાભાઇ બ.નં-૮૧૮૦ તથા પો.કો.ચંદ્રસિંહ કહળસિંહ બ.નં.૯૯૩૫ તથા પો.કો.લકધીરસિહ રતુભા બ.નં-૧૦૩૩૪ તથા પો.કો.અમઝદખાન મહેબુબખાન બ.નં-૫૬૧૬ તથા પો.કોંસ જીતેંદ્રસિહ દશરથસિહ બ.નં-૧૦૨૬૫ તથા પો.કો.મીહીરભાઇ હસમુખભાઇ બ.નં-૧૦૦૦૯ તથા પો.કો.જયવીરસિહ હનુભા બ.નં-૧૦૩૮૫ તથા પો.કો.દીગ્વિજયસિહ દીપસંગભાઇ બ.નં-૧૧૮૧૫ તથા પો.કો.રાજુભાઇ લાખાભાઇ બ.નં-૬૩૮૨ તથા લોકરક્ષક જયેશભાઇ પ્રતાપભાઇ બ.નં-૧૨૫૨૧

**<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન :</u>**

કાગડાપીઠ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૧૪૬/૧૯ થી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ તા.૧૬/૧૧/૨૦૧૯ કલાક ૧૬/૧૫ વાગ્યાના સુમારે રાયપુર BRTS બસ સ્ટેન્ડ ખાતે કોઈ ચોર ઈસમ ફરિની ની નજર ચુકવી થેલીમાં બ્લેડ થી ચેકો મારી SBI બેંક નું ATM કાર્ડ ડ્રાઈવીંગ લાઈસન્સ પેન્શન કાર્ડ આધાર કાર્ડ એક એપલ 6s મોડલ નો એપલ ફોન  તથા રોકડા રુપિયા ૪૫૦૦/- ની ફરિયાદીની નજર  ચુકવી ચોરી કરી ભાગી જઈ ગુનો કરેલ હોવાની હકીકત જાહેર કરતા ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરવામાં આવેલ.

આરોપી બેન નં. (૧) રાજેશ્વરી ઉર્ફે બડી વા/ઓ રાજુભાઈ રામચંદ્ર જાદવ (છારા) ઉ.વ.૨૫ રહે. કુબેરનગર એ વોર્ડ કેકાડીવાસ સિંધી સ્કુલની બાજુમાં કુબેરનગર અમદાવાદ શહેર (૨) સોનલ ડો/ઓ બજરંગ પરાક્રી ગાયકવાડ ઉ.વ.૨૫ રહે.સદર (૩) મારૂ ઉર્ફે મારીયા વા/ઓ સુનિલ કાશીનાથ જાદવ (છારા) ઉ.વ.૨૩ રહે.સદર તથા (૪) નંદાબેન વા/ઓ મુન્ના માણકલાલ તમાયચે ઉ.વ.૪૫ રહે.ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે કુબેરનગર અમદાવાદ શહેર નાને તા.૨૪/૧૧/૨૦૧૯ ના કલાક ૧૯/૧૫ વાગે.પકડી અટક કરેલ હોય જેથી સદરી આરોપી બહેનો ઉપરોક્ત એમ.ઓ થી ચોરી કરવાની ટેવ વાળા હોય કોઈ પોલીસ સ્ટેશન માં ગુનાના કામે જરૂર હોય તો કાગડાપીઠ પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા વિ છે.તા ૨૪/૧૧/૨૦૧૯.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.